*ॐ ह्रीं श्रीं अर्हं नमः ।।* ।।ॐ नमः सिद्धम् ।।*

।।नमो नमो गुरु श्री धर्म-सुरेन्द्र-राम-जगच्चन्द्र सूरये।।

## * હૈમ સંસ્કૃત પ્રવેશિકા - પ્રથમાનાં પાઠ = 16 થી ૨૨ નું પ્રશ્નપત્ર

કુલ ગુણાંક :- 32

(પ્ર-1) નીચે આપેલા પ્રશ્નો માંથી કોઇપણ એક સાચો જવાબ આપો.
(કોઇપણ 8 લખો) ($8 \times \frac{1}{2} = 4$)

(1) અઘોષ અક્ષરો કેટલાં છે.
(A.) 33 (B) ૨3 (C) ૨5 (D) ૨0

(2) કેટલાં અક્ષરો પછી न् નો ण् થાય છે.
(A) 5 (B) ૨ (C) 4 (D) 3

(3) र् ને ઠેકાણે श् / ष् / स् નિત્ય કરવા માટે કેટલા વ્યંજન જોઇએ.
(A) 4 (B) 6 (C) 5 (D) ૨

(4) કયા નામોને લાગેલા વિભક્તિનાં પ્રત્યયો લોપાઇ જાય છે.
(A) પુંલિંગ (B) સ્ત્રીલિંગ (C) અવ્યય (D) સર્વનામ

(5) વિભક્તિનાં પ્રત્યયો કેટલા છે.
(A) 7 (B) 14 (C) 3 (D) ૨1

(6) વાક્યમાં કોની સાથે સીધો સંબંધ હોય, તે નામ મુખ્ય બને છે:
(A) કર્મ (B) ક્રિયાપદ (C) કરણ (D) અવ્યય.

(7) નામના બદલે જે વપરાય તેને શું કહેવાય છે.
(A) પ્રથમા વિભક્તિ (B) વિશેષણ (C) સર્વનામ (D) વિશેષ્ય

(8) કેટલા અક્ષરો વચ્ચે આવે તો न् નો ण् ન થાય.
(A) 13 (B) 18 (C) 15 (D) 19

(9) શરીર શબ્દનું લિંગ કયું છે.
(A) નપુંસકલિંગ (B) અવ્યય (C) પુંલિંગ (D) સ્ત્રીલિંગ

(20) કેટલા અક્ષરો પછી अ નો લોપ થાય છે.
(A) 3 (B) 5 (C) ૨ (D) 4

(પ્ર.-૨) નીચનાં પ્રશ્નોનાં જવાબો આપો. (કોઈપણ 10 લખો)
($10 \times 1 = 10$)

1. કયા ર્ નો ઉ થતો નથી તેનુ કારણ તથા ઉદાહરણ આપો.
૨. ऽ અવગ્રહ ચિહ્ન કેમ અને કોના સ્થાને મૂકાય છે તે સમજાવો.
3. કર્મ કોને કહેવાય તેની ત્રણ વ્યાખ્યામાંથી કોઈપણ બે લખોઅને ઉદાહરણ સાથે આપો.
4. વિશેષ્ય પ્રમાણે વિશેષણમાં શું થાય છે.
5. વ્ અને ય્ નો લોપ વાળો નીયમને પૂરે પૂરા ઉદાહરણ સાથે લખો.
6. કેટલા વચ્ચે આવે તો ન્ નો ણ્ થાય છે.
7. કયા લિંગ અને વચનમાં ન્ ઉમેરાય છે તેનો નીયમ લખીને સમજાવો.
8. ન્ નો ણ્ ક્યારે ન થાય.
9. કયા વચનને છેડે સંધી થતી નથી. તેનું કારણ અને ઉદાહરણ આપો.
10. કયા લિંગ, વચન અને વિભક્તિમાં સ્ નો ન્ થાય છે તે સમજાવો.
11. સંધી કરવા માટેની શરત શું છે.
12. કયા નામોને લાગેલ વિભક્તિનાં પ્રત્યયો લોપાય છે એવા તે નામને શું કહેવાય છે. તેની વ્યાખ્યા પણ આપો.

(પ્ર.-3) નીચે આપેલા શબ્દો નાં રૂપો લિંગ અને અર્થ આપવા પૂર્વક લખો.
(કોઈપણ 12 લખો) ($12 \times \frac{1}{2} = 6$)

अस्मद् / युष्मद् / तद् (पुं.) / शरीर / उदर / महिष / बिडाल
नृप / मोदक / कूर्म / धार्मिक / प्रधान / काष्ठ / जनक

(પ્ર.-4) નીચેના ગુજરાતી વાક્યોનું સંસ્કૃત કરી સંધી કરો.
(કોઈપણ 10 લખો) ($10 \times \frac{1}{2} = 5$)

1. હું ચોરોને મારું છું.
૨. અમે બે તમને બધાને ઝંખીએ છીએ.
3. રામ ધર્મઆચરનારાઓનું રક્ષણ કરે છે.
4. અમે સુંદર પુસ્તકો લખીએ છીએ.
5. અહીં સફેદ ઘોડો જલ્દી દોડે છે.
6. તમે અમને સવારમાં મારો છો.
7 તે તેમને કહે છે અમને કહેતા નથી.
8. રતિલાલ નૃત્ય કરે છે.
9 તે જીવ છે હા, તે જીવ છે.
10 શ્રમણો અનાજ રાંધતા નથી.
11. તમે બે અમને બેને ચાહો છો.
12 જ્યાં મહાવીર છે. ત્યાં અમે જઈએ છીએ.

(પ્ર:-5) નીચેનાં સંસ્કૃત વાક્યોનું સંધી છૂટી પાડીને અનુવાદ કરો.
(કોઈપણ 10 લખો) (10 × $\frac{1}{2}$ = 5)

1. त अत्रास्मानिच्छन्ति ।

2. वयमुद्यानम्पश्यामः ।

3. मित्राणि माङ्कथयति त्वान्न ।

4. तावदिदानीमिह वसतः ।

5. नृपस्तत्र मयूरावर्चीति ।

6. इदानीङ्कृष्णो मोहनो माद्यति ।

7. यूयम्पुस्तकलँ लिखथ, ओम्, वयम्पुस्तकलँ लिखामः ।

8 कुशला बालाश्चौरान् क्षुभ्यन्ति ।

9 रतिलालस्ताँश्चिन्तयति ।

10 शिष्याः पूज्यानाचार्यान् वन्दन्ते ।

11 स कदेह तन्दहति ।

12. नेदानीमहं समुद्रन्तरामि!

★ સૂચના:- જે પણ વિદ્યાર્થી આ પેપરને સુંદર, સ્વચ્છ અને સરસ રીતે લખશે તેને બે માર્ક મળશે.

॥इति कल्याणं भवतु॥